हृदय मार्ग.

प्रकाशक.

सुमित्र.

हृदय-मार्ग.

प्रीति थकी बनी जातां वसुमां सुकर्मों,
वाणी वळी भवनिमां रुचॉथी कथेली;
अर्पे रुडुं मर्मों भर्युं सुख स्वर्ग जेवुं,
ने भोगवे सुर शक्तिमय पुण्यलोके.

लेखक,

सुमित्र.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રીન્ટીંગ પ્રેસ.

પુસ્તક મળવાનું ઠેકાણું.

બંધુમંડળ—નાનકવાડા.

કરાંચી.

રા. રા. પ્રેમજી શંભુરામ, જોશી.

કરાચી.

બીજા કોઇ પણ ઉદ્દેશને અનુસરી નહિં, પણ તમારા હ્રુદયની નિખાલસતા, શાન્ત સ્વભાવ અને મારા તરફના તમારા પ્રેમથી અંજાઇ, આ પુસ્તક તમારા નામ સાથે જોડું છું, તે સ્વીકારશો.

स्नेहांकितः सुमित्र.

ભવિષ્ય વાચા.[1]

એક દિન એવો આવશે મમ બંધુઓજ જગાડશે,
શ્રી કૃષ્ણની જન ભક્તિને જયઘોષ બુદ્ધ પ્રતાપીના;
મમ બંધુના અંતર્ સરોજે પ્રેમ ધારી ખીલશે.

આ અતર્ક્ય સ્થિતિ બની—અરે! જ્યાં ગાઢ તિમિર ફરી વળ્યું
વિદ્યા પડી અસ્થાન ત્યાં અસ્થાન ત્યાં એક દ્વિજ તેજ પ્રકાશશે

વહેશે મધુરાં વહેન અંતરથી ઝરંતા મલપતાં;
રસહીન હૃદયો રસિક કરીને ઐક્ય ગ્રથિત બનાવશે.
સંસારના મહા યુદ્ધમાં હારી અતિ નિર્બળ બન્યા;
તે પતિત લોક મહિં અલૌકિક જોમ એક દિન જામશે.

---

૧ 'એક દિન એવો આવશે જ્યારે અમી ઝરણો ઝરંતા પૃથ્વીનેજ પલાળશે.' પરથી સૂચિત.

ઘોષ=અવાજ; સરોજ=કમળ.

આપણામાં આગળ જતાં જે ભક્તિ અને પ્રેમ ઉત્પન્ન થશે, તેને શ્રી કૃષ્ણની જન ભક્તિ અને બુદ્ધદેવના એક વખત પ્રવર્તિ રહેલ ભ્રાતૃભાવ સાથે સરખાવેલ છે. (પ્રતીપ. અ૦)

અતર્ક્ય=તર્ક કરી શકાય નહિં તેવી મલપતાં=આનંદથી ગેલ કરતાં.

प्रासंगिक.

સુજ્ઞ સજ્જનો !

આપના હસ્ત કમલમાં આ નાનકડું પુસ્તક મૂકતા પહેલા બે બોલ કહેવાની ઇચ્છા છે. આ પુસ્તક આટલું જલદી બહાર પડી શકયું ન હોત, પણ કેટલાએક સદ્‌ગૃહસ્થોની ઇચ્છાથી, તેમજ આ પુસ્તકમાં સમાયેલ લગભગ બધી કવિતાઓ બાળ વર્ગને મુખે હોવાથી મારી અંતરેચ્છા સતેજ થઈ. ભાવ અને અર્થ સમજી, જો કવિતાઓ ગાવામાં આવે, તો ગાતાં ગાતાં તલ્લીન થઇ શકાય, તેમજ સાંભળનારના મન ઉપર ધારેલ અસર કરવામાં ફળિભૂત થવાય; આમ ધારી કવિતાના ભાવો કેવા કેવા સંજોગોને અનુસરતાં ઉદ્‌ભવ્યા છે, કહેવાનો હેતુ શું છે, તેની સમજ પાડવા પાછલા ભાગ ઉપર આશય તથા કઠણ શબ્દોના અર્થ દાખલ કીધા છે.

ઘણી સભાઓ કે જે આનંદ અર્થે અથવા વિવિધ પ્રકારના હેતુઓને સંપાદવા ભરાય છે, ત્યાં આપણા લોકોને સંતોષવા માત્ર શૃંગાર અને હાસ્યરસ પ્રતિત કરાવનાર નાટકના રાગો ગવાય છે, તેને બદલે આવી પદ્‌ધતિને સ્થાન મળે તો સારું !

આ કવિતાઓ આત્મા વિનાની છે, કારણ કે કવિતાનો

આત્મા તો ગાયક છે. માત્ર શરીરને આપ સમક્ષ મૂકવામાં આવ્યું છે. શરીર અને આત્માના સંમેલનથી આપના હૃદયમાં તેના ખરા ભાવનો પ્રકાશ પડે, એવી પ્રાર્થના છે.

આ પુસ્તક મે મારા પ્રિય સ્નેહી રા. રા. પ્રેમજી શંભુરામ જોશીને અર્પણ કર્યું છે; તેમ કરવામાં મેં કોઇ પણ જાતની વિશેષતા કરી નથી. મારા પ્રતિ તેમનો અવિચલ પ્રેમ કે જેને લીધે આજે હું આ બીજું પુસ્તક બહાર પાડવાને ભાગ્યશાળી થયો છું, તે પ્રેમનો સત્કાર કરવામાં આ અર્પણ પત્રિકા સફળ થશે, એમ મને તો લાગતું નથી.

રા. રા. વેલજી પ્રાગજીએ રાગની સમજુતી આપવામાં જે ઉપકાર દ્રષ્ટિ વાપરી છે, તેનો અત્રે સ્વીકાર કરું છું.

આ પુસ્તક વિદ્વજ્જનોની કૃપાને પાત્ર તો થશેજ.

કરાંચી.
તા. ૧૩. ડિસેમ્બર. ૧૯૦૯.

સુમિત્ર.

પ્રાર્થના.

૧

આશાવરી. તાલ દાદરો.

કર જોડી શિરનામી અંતર યામી–ગામી અકામી સ્વામી;
શિર તારી સરદારી ફૂળવાળી સુખકારી આપત્તિ કાળ ન પામી;
દ્રષ્ટિ તું ધરે ! પાપ સૌ ટળે ! કર૦ ૧

જગત્ કપટ ઝપટ દાણીને પ્રીતિ બધા પ્રતિ ધારી;
ધૃતિ કૃતિ ધરી નીતિ રીતિ સ્મરી, ભીતિ ખરી અતિ તારી.કર.૨

આ ઘટમાળ રચી આપનાર ! વિશાળ પ્રતાપ નિહાળી;
પાસ નહિં જ આભાસ, વિના તુજ વાસ, રહ્યો જગ વ્યાપી. કર.૩

આણી ધરીને ત્રિવિધ સ્વરુપ–ત્રિવિધ દુઃખો રહ્યાં ટાળી;
દયા વિના નિરુપાય થયા વરસાવ મયા દ્રગ ઢાળી. કર. ૪

૨

माढ. ताल कवाली.

દેવ દિવાકર, કરુણા સાગર, નટવર નાગર ભયહારી;
નિજ સ્વરુપ પ્રતિ બોધનાર, જન મન સંશય છિદનકારી; એ ૯.
દીન જનોને તારનાર સુભક્ત ભીતિ ભંજનકારી. દેવ૦ ૧

જ્ઞાન ગાન, અજ્ઞાન તાન, તું દે કરુણાલય સુખકારી;
પાપ તાપને ટાળ, તિમિર ઉજવાળ, પતિત પાવનકારી; એ ૯.
ગુણસાગર,ઓ નાથ! દયા કર,કરુણ! તરુણ પર જો ન્યાળી.દેવ.૨

શિવ સુખદાયક, વિઘ્ન વિદારક, અમ ભ્રમ દે ઝટ સંહારી;
વેદ વાક્યને બોધનાર, પરબ્રહ્મ, વિનાયક, જયકારી; એ ૯.
ભાવ ધરો, અમ હૃદય વરો, ભવદ્વૈત-,પ્રભો! ભેદનકારી. દેવ. ૩

યશ, બળ, ધન દેનાર, પ્રબળ, અમ શિરપર કર ધર, વનમાળી;
ચિર આનન્દ,અનંત, નિરાગય, બુદ્ધિ પ્રદાયક, વ્રતધારી; એ૯.
શાશ્વત સુખ વર્ષાવનાર, ચૈતન્ય રુપ શરણે તારી. દેવ૦ ૪

૩

झींझोटी ताल. कवाली.

જન મન રંજન, અંજન સુખદ જે આંજે છે સદા;
કર નમન સુમન ધર પ્રણય, વિજય વર આપે સુખદા.

જગત્ વ્યૂહ આ શો રચ્યો ! 'નેતિ ! નેતિ !' કહે;
અહા શી કળા ! અહા શી કળા ! !
કર પ્રબળ, કિંકર પર નજર નયન અતિ રસભર વર્ષતાં.
અમ હૃદય નિમિત્ત પર જગત નૂર તુજ વ્યાપે સૌખ્યદા. જ૦ ૧

તુજ કૃપાનો વાસ જ્યાં, શાંતિ ! શાંતિજ ત્યાં;
યશ વિમળતા ! ધન વિભવ ત્યાં !
સુર નર નાચે દઈ તાલ ખ્યાલ નહિં દુઃખનો જ્યાં કદા.
નમીયે, સ્તવીયે, સ્મરીયે, ગમીયે, એ જીવન ઐકયતા. જ૦ ૨

વિવિધ રચના આ થતી, જગત્ રસને ઝીલતી,
ત્યાં સત્ય શું ! ત્યાં વિનય શું !
તે દિનકર સમ દેખાડનાર ઘર ઘર ઘર પ્રસન્નતા. જ૦ ૩

૪

जील्ला.

જય ! જય ! પાળક, વિઘ્ન વિનાશક, શાશ્વત સુખતારૂં;
અંધ સુલોચન ! પ્રબળ રાજ્ય તુજ ઠાર ઠાર ભાળું. જય૦ ૧

અખિલ વિશ્વના નાયક, સ્હાયક, ગુણ સાયર દાતા;
અરજ અમારી ફરજ ધારી તું સાંભળ વિખ્યાતા. જય૦ ૨

ભરત ભૂમિનાં બાળક મધ્યે દૃઢ પ્રીતિ જામો;
સંપ, જંપ ધારે કુસંપનો કમ્પ નાશ પામો. જય૦ ૩

દીન દશા દેખી, જે બળતા નિજ બંધુ કેરી;
એવા ગુણુવરમાં સુખકર તું આપ ખંત ભેળી. જય૦ ૪

ઉદય અસ્તની પાંખ મહિં તું કૈક ગ્રહી ઉડે;
હે કૃપાળ! "તું રે' દયાળ," એ આશય મન કૂદે. જય૦ ૫

परवशता.

૫

सोरठ. ताल कव्वाली

દીનપર મ્હેર કરી મહારાજ, કરો આ પાવન શૂન્ય અવાસ-દીન૦
અંતર મંદિર માંહિ ઉતારું, રોમ રોમ તમ આશય ધારું;
પ્રીતે પૂજું પાગ, કરો આ પાવન શૂન્ય અવાસ. દીનપર૦ ૧

નિર્જન વાસે પ્રેમ બતાવો, રંગ બધો મારો લપટાવો;
રંક તણા આધાર, કરો આ પાવન શૂન્ય અવાસ. દીનપર૦ ૨

સ્વરૂપ ભાવ પણ સાધુ બનાવું, દર્શન કરતાં તૃપ્ત ન થાઉં;
વહી જાય દિન રાત, કરો આ પાવન શૂન્ય અવાસ. દીનપર૦૪

हे सरस्वती !

६

वैतालीय छंद.

રસના રસમાં રમી રહે,
સુખદાઇ સુખદા તું થા ગૃહે;
ઘટના ઘટમાં ઘડી તું દે,
દુઃખવાસી દુઃખને તજે રુદે. ૧

કરતા કર તાહરો ખરે,
સુખવાસી સુખવાસ જ્યાં કરે;
બહુધા બહુ ધાન્ય ત્યાં મળ્યાં,
બળવાળા બળવાન ત્યાં બન્યા. ૨

નૃપતિ નૃપ તીર્થ તો ગયાં,
કળવાળા કળવાદ ત્યાં શિખ્યા;
મમતા મમ તાહરી પ્રતિ,
તજવાથી તજવા નથી જતી. ૩

ગણના ગણનાર શું કવે ?
ગુણનિધી ગુણની ખરે હવે;
વસતા વશ તાહરે બને,
જગનીતિ જગની ખરે ગણે. ૪

મહિમાં મહિમા ઘણો કરે,
સરિતા આ સરી તાનથી પડે;
મતિમાં મતિમાન સૌ ગણો,
વસુવાસી વસુવાન આ ભણો. ૫

અમને અમ નેત્રમાં સ્ફુરે,
સમતાના સમ તારી હો ધરે;
કરજે કર જે હવે ચહે,
સજવાનું સજવા દયા લહે. ૬

भारत स्तवन.

૭

हरिगीत.

હે હિંદના પવિત્ર બાળ સુરમ્ય દિન ચિતમાં ધરો,
મન ઐક્યતા ધારો, પ્રસારો પ્રેમ, દુઃખ અળગાં કરો;
આ ભાગ્યવંતા દેશનાં યશ ગાન શુભ આલાપજો,
'જય! જય!' વદો, ધન્ય! ધન્ય! સદોદિત ત્યાંજ જીવન વીતજો; ૧

ક્યાં પુન્યશાળી છે ભૂમિ આ ભરત સમ જળ સ્થળ વિષે ?
વિખ્યાત હિમાલય પ્રશસ્ત પણે ઉભો ઉત્તર દિશે;

આકાશ સાથે પ્રેમમય વાતો કરે જન મન હરે,
વિસરે દુઃખી જન દુઃખ, યોગી જન સુખેથી વિચરે. ૨

હે પુનિત ભૂમિ ગંગા તણી ! છે તુજ વિષે આશા ઘણી,
હે રામ, કૃષ્ણ તણી ભૂમિ ! અમને કર્યા શા ગુણ ગણી !
જ્યાં ક્ષેત્ર લીલાં સર્વદા, ભંડાર કુદરતના ભર્યા,
સૌંદર્ય કવિતા શાસ્ત્રની ભૂમિ ! દેખીને નયનો ઠર્યાં. ૩

છે કોટીવાર નમન તને અમ અલ્પ પ્રેમ પ્રમાણજે,
અમ પૂર્વજોની પિતૃ ભૂમિ ! દિલ શ્રદ્ધા તું આણજે.
તુજ સુખદ અર્થે સૌ અમે આ ઐકયતાના ગાનમાં—
વહેતા રહી, હે માત ! આ ચિત સર્વદા તુજ ધ્યાનમાં. ૪

આ સૃષ્ટિમાંહિ અચળ નિયમજ, ચક્ર પેઠે સૌ ફરે,
નહિં દુઃખી દિન કંઇ એક સ્થળમાં ક્રૂર બની વાસો કરે,
જો ! રાત્રિ વીતી જાય થાય ઉદય સવિતાનો હવે,
સૃષ્ટિ જનો થાયે પ્રફુલ્લિત, પક્ષી ગાય મધુર રવે. ૫

હે ભૂમિ અર્જુન, ભીમ, યુધિષ્ઠિરની ! પુનઃ તુજને સ્મરું,
જે પાંચ મહાન્ નદી તણી પંજાબ ભૂમિ તુજને સ્તવું;
વળી સિંધ, કર્ણાટક અને મહારાષ્ટ્ર તુજ દિક્‌પાલ જ્યાં,
ગુજરાતનોજ વિરામ, માલવ દેશ હૃદય સ્વરૂપ ત્યાં. ૬

વળી બંગ હસ્ત રુપે રહ્યો, મદ્રાસ પૂજા પ્રેમથી,
અર્પી રહ્યો અભિમાન છોડી, નવ ડગે કહિ નેમથી;
જ્યાં સબળ રજપૂતસ્થાન, જેની કીર્તિ કવિજન કવી રહ્યા,
તે પુનિત ભૂમિ સમ ના! નહિં! કહિ કોઈ ભૂમિ, સ્વપ્નમાં રહ્યાં. ૭

તે દેશની સ્થિતિ શું બની! ઉઠી નીહાળો એ તમે,
આળસ ત્યજી કાર્યો કરો બહુ ખંતથી આવા સમે;
નિજ દેશ કાજ તજોજ નિદ્રા, સ્વાર્થને બાળી દીયો,
કંઈ આશ્રિતોને મધુર વચનો મુખ થકી પ્રેમે કહો. ૮

આ દેશના બાળક મહિં લોહી વહે આ દેશનું,
અન્ન જળ થકી પોષાવ તે સાહિત્ય સૌ આ દેશનું;
જ્યાં બાળપણ વીત્યું, અહા! તે સ્થાન આ પ્રિય દેશનું,
જે સત્ત્વથી જીવન બન્યું તે સત્ત્વ પણ આ દેશનું. ૯

પરમાર્થ એવો પ્રબળ તે અમ હૃદય તંત્ર ધરો સદા,
વેઠી અરે તે માટ, મીઠી લાગશે પણ આપદા;
અમ મંત્ર મોટો એક એ, બસ એક સાચું સ્વર્ગ એ,
અમ હૃદયને પરવશ કરો! માગી હૃદયનો પ્રેમ એ. ૧૦

महात्माने सत्कार.

૮

पहाडी. ताल दादारो.

પુનિત બારણે પધાર્યા, પ્રેમ દૃષ્ટિ ધરો !
અમારે હૃદય વસો ! સરળ સુમાર્ગ લસો !
સરળ સુમાર્ગ લસો—શિતળ ઉજાસ કરો !
પામી આશા ભરેલ અમે દિવ્ય વરો ! પુનિત૦ ૧

અમારા આંગણામાં, અનેરા ચોક પૂરો !
અનેરા ચોક પૂરો—અનિલ રુપ સ્ફૂરો !
સૂકેલો બાગ, મહા ભાગ! લીલો છમ કરો! પુનિત૦ ૨

એવા ઉદ્યાન મહિં, જ્ઞાનની દિક્ષા દીયો !
જ્ઞાનની દિક્ષા દીયો, પરિશ્રમ પ્રેમ તણો,
જય ! જય !! જય !!! પુનિત. ૩

प्रार्थना.

૯

कल्याण.

અહો મહાજનો ! ઉમંગી સજ્જનો !
નિત્ય બેશ કાર્યમાં સહાય સૌ બનો. ધ્રુવ૦

વરસો ! વરસો ! અમી દ્રષ્ટિથી સઘળા જન હિત કાજ,
ભૂતળનું એ રત્ન સુગંધિત પુનિત પદનો સાજ; અહો૦ ૧

વરો ! વરો ! આ ભૂમંડળમાં એવો કીર્તિ ભાસ,
કાળ તણું ચકડોળ કરે નહિં કોઇ ઉપાયે નાશ; અહો૦ ૨

શોધી શોધી સંચિત એ સૌ રંજિત કરજો આશ,
સારાં કામો કરતાં જગમાં ધ્રુવ સમાન પ્રકાશ; અહો૦ ૩

માગી જ્ઞાન તણા કમળાકર, વિશ્વ તણા હે ચાપ।
નીતિ ધરી ચાલે ગુણી જનતે પામે ઉચ્ચ પ્રતાપ. અહો૦ ૪

अमूल्य तक.

૧૦

झील्ला

સજ્જન સુંદરઆ અવસર કહિ ન આવે, ધ્રુ૦

રૂપ મહિ જયમ નીતિ વિરામે,
વિનય વિદ્યા એક જ ઠામે,
ધનિકને વળી ગર્વને વામે,
એવી રચના ઉચિત જામે,
આશય સફળ કરાવે, સજ્જન૦ ૧

તમ શ્રમથી દુનિઆ બદલાયે,
જ્ઞાન તણી જ્યોતો ફેલાયે,
નવિન યુગમાં નવિન થાયે,
જડમાં ચેતન જોઇ શકાયે,
સૂરજ તિમિર હઠાવે. સજ્જન૦ ૨

દ્રઢ વિચારે આશય બાંધો,
તૂટેલા બંધોને સાંધો,
એક બીજાનો હાથ ગ્રહાવો,
આળસ પગથી ચાંપી નાંખો,
એ ઇશ્વર લલચાવે. સજ્જન૦ ૩

आशिष.

૧૧

कानरो-शीयानो

અહો સુજ્ઞ જ્ઞાતા ! થજો સુખ શાતા !
તમારા પ્રયત્ને વસો સિદ્ધિ શાન્તા ! અહો૦
તમારા પ્રયત્ને પ્રભુ રાજી થાઓ !
તમારા પ્રયત્ને ભૂમંડળ દીપાવો,

બીજાને શિખાવો, હૃદયમાં ઠસાવો,
પરાર્થે રમંતા. અહો૦ ૧

તમારાં હૃદય આ પ્રભુ પ્રેમ વાળાં,
દ્રવે કેમ ના સ્નેહી દેખી દુઃખાળાં ?
હવે જાગી ઉઠો ! અમી દૃષ્ટિ સાંધો,
નવીન યુગ વૂહાતાં: અહો૦ ૨

त्याग.

૧૨

तेलंग

હવે શું સુખને કરવું ? વૃથા મારે !
બધાં સ્નેહી દુઃખી નિરખી ભરાયે ઉર;
કઠિણ આ દિલ સાથે પ્રેમ શો મારે ! ૧

સૂવે છે સ્વાર્થીઓ જગને સૂવાડીને;
સુખી જો સ્વાર્થી, સુખસું પ્રેમ શો મારે ! ૨

ગ્રહીને ભેખ આ ઝોળી ધરી હાથે;
પછી શું ભોગને સંસારથી મારે ! ૩

ધખાવી એક ધૂણી પ્રેમથી રહેવું;
જગતના ઝુલ્મમાં શું રાચવું મારે ! ૪

મરી પરવારવું છે આ ફકીરી પર,
શિખ્યા એ મંત્ર તો શું ધારવું મારે ! ૫

त्यागीना हृदयोद्गार.

૧૩

गरबी

ગભીર નાદ ગાજેરે, શૂરાઓ કાજેરે,
શાને સૂતી માનવ જાત !
ઉઠો જંગ માંડવા હોજી. ૧

આ પશ્ચિમનો વાયુ, અમોને સૂચવેરે,
આવે આ ગમથી અસવાર,
ઉઠો જંગ માંડવા હોજી. ૨

આ મેરામણના બાળ, કહે છે સંદેશડોરે,
ઉતર્યા રિપુ અમારી પાર,
ઉઠો જંગ માંડવા હોજી. ૩

કહિ આવો અમલનો પાસ, લાગે ચિંતાવાળાને,
છાંડો આળસનો પરિવાર,
ઉઠો જંગ માંડવા હોજી. ૪

त्यागीनुं जाग्रति गीत.

૧૪

भैरवी. गझल.—

શું સૂતા ? ઉંઘને છાંડો ! પછી ક્યારે ? પછી ક્યારે ?
મધુર રવ ગાજતા આજે, મથે સૌ જાગ્રતિ કાજે:
તમે નિજ બંધુઓ માટે, કહોને જાગશો ક્યારે ? ૧

ઉછેરો જ્ઞાનનાં બીજો, વિદારો દુષ્ટ ધારાને:
સમય આવો વિવેકીને મળે ક્યારે ? કહો ક્યારે ! ૨

રુડા સ્પર્ધા તણા માર્ગો ન જેથી કોઇ દિલ દુઃખે:
તમે એવા સુકર્ત્તવ્યે કહોને રાચશો ક્યારે ? ૩

કુસંપે કારમા થાશો, સુસંપે સ્નેહની જ્યોતો—
નહિં પ્રકટાવશો તો, આ સુષુપ્તિ ત્યાગશો ક્યારે ? ૪
કરે કર્ત્તવ્ય તેને સ્હાય છે ત્રણલોકનો ત્રાતા:
ઉઠોને વીર બાહુ ! દેહ આવો આ મળે ક્યારે ?

अन्याय.

૧૫

रेखतो. ताल कवाली

અરે અન્યાય આવો આ તમે શાને ગુજારો છો?
અમારી જ્ઞાનની શાળા થકી બહુ વીર પૂજાયા:
નમેરા થઇ તમે તેને શું ચૂંથી આમ નાંખો છો? ૧

કુબુદ્ધિ આણી આ ઉભી પ્રમાદી પીંજરાં આ તો:
તમારા દુશ્મનોને લાભ આવો કેમ આપો છો? ૨

જુઓ લીલા વને આ તેજ ઝાંખું સૂર્યનું દિસે:
કુસુમો ખીલતાં શાને તમે નિસ્તેજ ભાસો છો? ૩

વિચારો વર્ષના વૂઠાયા તથાપિ ના તમે જાગો:
ન ત્યાગો દુર્ગુણો, ખાલી જીવીને ભાર થાઓછો. ૪

નથી સૂહેવાય તેવું સૌ સહોછો બહુ મગ્ન લઇને:
અરે નીતિ ગઈ તેથી બધું ઊંધુંજ ભાળોછો. ૫

ऐक्यता.

૧૬

सोरठ. ताल कवाली

આવો શૂરાઓ સૌ સંપ કરી મેદાનમાંરે,
ઘૂમો તાનમાંરે, આવો૦

હૃદય ખોલીને વિચારી લઇએ, સત્ય ભાવ તે મનમાં ધરીયેઃ
પ્રીતે રહીયે એક એકના પ્રાણમાંરે, આવો૦ ૧

ઐક્ય ધર્મમાં ઐક્ય શબ્દ કરી, દુશ્મન જનને હૃદય ત્રાસ ધરીઃ
પરહરીયે સૌ દ્વેષ ભાવ કૃતિ ભાનમાંરે, આવો૦ ૨

પ્રેમી માત્રના રસિક પાત્રમાં, છાત્ર ધર્મમાં સર્વ ગાત્રમાંઃ—
રસ સીંચીને પ્રફુલ્લ રહો ઉદ્યાનમાંરે, આવો૦ ૩

આત્મ શક્તિથી ભવિષ્ય જોવું, પરજનપર બેસી નવ રહેવું;
નિશદિન ધરવું અંતર એજ નિદાનમાંરે, આવો૦ ૪

कर्त्तव्य.

૧૭

कल्याण. ताल दादरो

કઠ કુસુમ માળ આ વિશાળ ધાર ભારતી;
મહિં ઐક્ય ભાવથી સુગંધ–ખંત મ્હેકતી; ધ્રુ૦
મિત્ર આજ આપણો, શશાંક સૌમ્ય બાપડો,
દુઃખાય છે કુસંપથી ઉજાળ આકૃતિઃ કઠ૦ ૧

તમે બાળ બાળ નહિ, બુદ્ધિના ગમાર નહિ,
ભાવિ તમ તણું પ્રજા, કલાપી ઝંખતીઃ કઠ૦ ૨

સાહસે ઉઠાવો કામ, ઇષ્ટ નામ સાથ હામ,
ફૂંકથી રિપુ તણી કુબુદ્ધિ ફાટતીઃ કઠ૦ ૩

ત્યાગીને દુખાર્દ્ર વેણુ, સૂકવોને આર્દ્ર નેણુ,
કઠણુ હૃદયથી ઘૂમો વિસારીને ભીતિઃ કઠ૦ ૪

શ્રેયકારી હે મહેશ, માગીયે કૃપાળ શ્લેષ,
આર્ય બાળકો પદે તું આપ એ ગતિઃ કઠ૦ ૫

भ्रातृ भाव.

१८

माढ. ताल मुगली

કોઇના દિલને નહિં દુઃખાવીયે, કોઇના૦
દિલ કદિ દુઃખાવીયે, લાગે મોટું પાપ;
કુસુમ સમું એ કુમળું, કેમ સહે આઘાત ! ૧

ધરણીમાં સૂરજ ડુબ્યો, આથમતાં ઉગેલ;
એવા વસમા વખતમાં, નવ દઇએ કોઇને છેહ. ૨

આશા રૂપી ખીણમાં, જગ જનના કલ્લોલ;
જીવન સરિતા સાંભળે, ત્યાં વહિએ મીઠા બોલ. ૩

संपनी आवश्यकता.

१९

भूजंग प्रयात्

જુઓ જુક્તિથી હિંદના બાળ સર્વે,
નથી સંપ ત્યાં, જે રહ્યાં નિત્ય ગર્વે;
નથી સંપ જ્યાં સ્વાર્થની આશ મોટી,
નહિં સુખ પામો કરો યત્ન કોટી. ૧

ટકે ઝાડનો ઝુંડમાં મોટું થાયે,
સજે સંપતો નિર્બળો જીતી જાયે;
બહુ હાથથી કામ શોભીતું ભાળો,
પ્રચારો પ્રભુતા ભર્યા એ વિચારો. ૨

કુસંપે બહુ રાવણો નાશ પામ્યા,
કુસંપે ગયા કૌરવો ધીર રાયા;
કુસંપે ગયાં ક્યાં ન સ્થાનો જણાયાં,
ચઢી છાતીએ દુશ્મને શિર્ષ કાપ્યાં. ૩

ગયા સર્વએ દ્રવ્યનાં દ્વાર વાસ્યાં,
નથી સુખ પામ્યા, ન કર્મો કરાયાં;
હતા કોણનાં ને ગયાં કોની પાસે !
કુસંપી ન શાંતિ ધરી અન્ન ખાશે. ૪

સ્થિતિ આ બનીછે બહુધા જનોની,
ધરો દાઝ ચિત્તે તમે દેશીઓની;
સજી સંપ, વિદ્યા વિવેકી પ્રસારો,
નવા હુન્નરો દેશ માંહિ વધારો. ૫

ધનિકો ખરો ધર્મ ચિત્તે વિચારો,
નિરાશ્રિતની બુદ્ધિનાં દુઃખ ટાળો.

ખરા પ્રેમીઓને ન સૂવું ઘટે છે,
જુવો પૂર્વ માર્ગે પ્રભા ઉતરે છે. ६

आपणो उदय केम थाय !

२०

गरबी *

હિંદુ વિવેકી જન સાંભળોરે,
તમે હિંદુ વિવેકી જન સાંભળોઃ
ઐહિક જન્મ સુખ લેવાને દેવા,
કહું તે સુમાર્ગે શીઘ્ર સંચરોરે, તમે० ૧

પુત્રીઓને ભલી ભાતે ભણાવો,
સાચો સુધારો કાને ધરોરે, તમે० ૨

દેશોદયે પાણી સીંચવાને કાજે,
અજ્ઞાન યુદ્ધમાં વધી પડોરે, તમે० ૩

જાગો ! જાગો ! હવે ઉંઘને ત્યાગો,
સારી પ્રજાને ઉભી કરોરે, તમે० ૪

---

* આવોને મારે ઘેર માણવા, હોજીરાજ, આવો० એલય.

આપણું સુખ રહ્યું આપણા હાથે,
ગૃહવાસ મંગળ સુખે ભરોરે, તમે૦ ૫

आर्य बाळने प्रार्थना.

૨૧

गरबी.

ભાગ્યશાળી હો ભરત ભૂમિનાં બાળજો;
તમ હૃદયે આશિષ અમારી ગૂંથજો.
અમ પરથી ઉતારો ખોટું આળજો;
ભરત પુત્રમાં દિસે તેજ અપારજો. ૧

અમ નેત્રોને વહાલી છે તમ પ્રીતજો;
અમ નેત્રોને વહાલી છે એ રીતજો.
તમ પાસે માગી એમાં નહિં લાજજો;
અમે તમારા દાસ તમે અમ નાથજો. ૨

માત્ર અમારા શિર પર કરને ધારજો;
હિંમતનાં બિંદુ અમ ઉપર સીંચજો.
અમ વૃક્ષોને ખંત ધરી ઉછેરજો;
અમ રક્ષણને માટે ખંત વધારજો. ૩

કૃપા તમારી નહિં અમને કંઇ બીકજો;
ક્રૂર વાયુમાં છે પણ અમને હામજો.
અમને ગાંજી શકે પછી નહિં કોઇજો,
રહી સ્વાશ્રયમાં રાત્રિ દિવસ મસજો, ૪

જગત્ વાસમાં કરીએ નૂતન ખેલજો;
રંગી જે નથી કોઇ જને રંગેલજો.
કરીએ જે નથી કોઇ જનેજ કરેલજો
ઠરીએ જયાં ગુણી જનનાં ચિત્ત વસેલજો. ૫

માત્ર તમારાં મધુર વચનની આશજો;
તમ વેણુ અમ અંધ તણાં છે નેત્રજો,
તમે અમે સુખ દુઃખમાં રહીશું એકજો;
પ્રેમી જનનો પ્રેમ કદિ ન વિસારજો. ૬

देशी जनोने विनंती.

૨૨

લલીત.

વિનવું હું બધા દેશી આ સમે,
સરળ વાતને સાંભળો તમે;

પતિત દેશનાં અશ્રુ કંઇ સ્મરો,
દિલ દયા ધરો કીર્તિને વરો. ૧

દુઃખી જનો તણા ચિત્તમાં ઢળો,
સુખી જનો સ્પૃહો, સંપત્તિ વરો!
રિપુ જનો સદા ત્રાસતા ફરો,
જગતમાં ખરી કીર્તિ આ વરો. ૨

ચલિત જીંદગી કાર્ય છે બહુ,
ફલિત છે તથા પ્રેમીને સહુ;
ઉર ઉદાર ઓ આર્ય ભાસ્કરો!
સમય આ ખરો, કીર્તિને વરો. ૩

નિજ જનો મહિં સંપને સજી,
અસુર બંધનો દો તમે ત્યજી;
નીતિ મહિં ઠરો, દ્વેષ સંહરો,
વિનય વાપરો, કીર્તિને વરો. ૪

જન ક્ષુધ્યા ઘણા આર્ય ક્ષેત્રમાં,
દુઃખ વિષે નહિં અશ્રુ નેત્રમાં;
શરીર, શક્તિમાં શ્રેષ્ઠ જે નરો,
તનુજ તેહનાં કીર્તિને વરો. ૫

दरेक प्राणीनी इच्छा शुं होवी जोइए.

२३

गरबी.*

ખંતથી પ્રકાશજો ઉમંગમાં;
હાંરે બધા દેશની પ્રજા અતિ ઉમંગમાં—હાજીરે,
આપણે ઝઝૂમી આ પ્રસંગમાં. ૧

હાંરે બધા બંધુ ભાવથી સુસંપ જાણીએ;
હાંરે બધા દાઝથી પ્રમાદના કુવર્ગ ત્યાગીએ—હાજીરે,
આપણે સુનીતિ એવી શિખિએ. ૨

હાંરે દેશમાંહિ પ્રવૃતિ બહુ વધારીએ;
હાંરે જાગીને બીજા સુબંધુને જગાડીએ—હાજીરે,
આપણે કળાઓ એવી યોજીએ. ૩

હાંરે શ્વેત રંગથી આ આસમાન દીપતું;
હાંરે એમાં તારલિયાનું તેજ આઢળી જતું—હાજીરે,
પામી એમ હૃદય માર્ગ વિકસતું. ૪

* સાંજની શોભા અતિ રળિયામણી. એ લયમાં.

विद्यानो प्रभाव.

૨૪

घनाक्षरी.

જગ વિમળ વિજય વિદ્યાનો;
મૂરખ જન મન શોચ્ય કરે છે, શોક કરે પ્રભુતાનો; જગ૦
આત્મ જનો પર પ્રેમ ધરાયે, સત્ય જગત્પર પ્રકટ થવાયે,
જીવન રસ ઝટ અનુભવાયે, અફળ સફળ સહુ થાયે; જગ૦ ૧

નાથ નિરંજન વિપત્તિ ભંજન અંજન એવું આંજે,
પાપ નિવારણ, ભવ દુઃખ તારક ઉચ્ચ પદે મન રાજે; જગ૦ ૨

વિશ્વ શ્રેણી જે જે રજકણથી જોડાઇ ઝળકાયે,
ત્યાં અંતર નિજ ગાન કરે શુભ, જન હિત ઉર પ્રફુલ્લાયે; જગ૦ ૩

ધનિકનું ધન ભૂપતિનું તન એ વિદ્યા જય પામે,
સેવો પ્રીતે જેમ પ્રતિદિન, તેમ અધિક યશ જામે; જગ૦ ૪

तमारी अवनतिनुं मुख्य कारण.

૨૫

लावणी.

છો સુજ્ઞ, બુદ્ધ ગુણવાન્,—ને ધન્ય ધન્ય આપની બુદ્ધિ;
આ આર્ય દેશના સરળ ચિત્તથી પ્રેમ ગયો છે ઉડી.

જન બને લગ્નમાં મગ્ન;
એ અંધકારનો યત્ન;—
લે બલિ ધારીને યજ્ઞ;
જન દુઃખી આપણા મુખે કારમા ઘણા નિશાસા નાંખે,
ઓ પ્રભુ અમારી ભૂમિ આર્દ્ર થઇ આંખ તણા સંતાપે. ૧
તે તણી દયા જો મન;
હો આર્ય દેશના તન;
તો, ઉદય તમારૂ ધન,—
નથી દૂર, પડયું છે શરણુ તમારા હૃદયની છાયામાં,—
હો આર્ય દેશના બાળ ! રક્ષ એ જીવન સમ કાયામાં. ૨

૨૬

કલ્યાણ.

કૈસરે હિંદ શહેનશાહ.

તું કૃપાળુ રહે દયાળુ–અચળ અમ પરે સદા. ધ્રુવ૦
કાર્ય કરી અનેક આ વિવેકનાં તુજ રાજ્યમાં,
પ્રેમ અંશ, પ્રેમ વંશ રહો સદા પ્રકાશમાં.
સુદ્રઢ ભૂપતિ ! વિપદ વાળી, પીડ પ્રજાળી,
ધરજો સદા શાંત સુમતિ. કૈસરે૦ ૧
છાંય તારી કાયની નિશદિન રહી અહિં ઠરી,
ઝગમગાવ ગુણ સ્વરુપ, શાંતિથી દ્રગો ભરી કૈસરે૦ ૨

अर्थाभास.

१

૧ અંતરયામીઃ હૃદયની વાત જાણનાર; અકામીઃ ઇચ્છા વિનાનો; આપત્તિ=દુઃખ.

૨ ધૃતિ=લાગણીનો એક પ્રકાર; સંતોષ, કૃતિ=કામ; ભીતિ=બીક.

૩ વિશાળ=મહાન્; આભાસ=પ્રતિબિંબ; ઘટમાળ=એકમેકથી જોડાઇ રહેલ જગત્ રચના. કોઇપણ સ્થળ તારા પ્રતિબંબ વિનાનું નથી. પંક્તિ—૭.

૪ વિવિધ=જૂદી જૂદી જાતનાં; ત્રિવિધ=ત્રણ પ્રકારનાં; નિરુપાય=ઉપાય વિનાનાં; દ્રગ=આંખ. પ્રાણીઓને અનેક પ્રકારનાં સ્વરુપ ધારણ કરવાં પડે છે; શ્રી કૃષ્ણ પણ ગીતામાં કહે છે કે, [1] જે જન્મ પામ્યું તેનું મરણ ખચિત છે, અને જે મરણ પામે છે તે ફરી જન્મ ધારણ કરે છે. આ પ્રમાણે જ્યાં સૂધી કર્મનો ક્ષય થતો નથી ત્યાં સૂધી पुनरपिजन्मं पुनरापि मरणं पुनरपि जननि जठरे शयनम्' ફરી ફરી જન્મ ધારણ કરવા પડે છે. હવે તો એ ખુલ્લું છે કે કર્મ બંધન એ દુઃખ રુપ છે; આ ઉપરથી એમ સમજાય છે કે દુઃખનો નાશ કરવાને માટે અવતરવું પડે છે. આઠમી પંક્તિ

---

१ जातस्य हिध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्ययच अ० २-२७ गीता.

'પ્રાણી ધરીને...ટાળી' આવો અર્થ દર્શાવવાજ—યોજવામાં આવી છે.

આ સર્વ જન્મ ધરનારને તારી દયા વિના નિષ્ફળ નિવડવું પડ્યું છે, માટે તેઓના તરફ તું પ્રેમ દ્રષ્ટિથી જો. પંક્તિ ૯.

૨

૧ દિવાકર=સૂર્ય; કરુણાસાગર=કરુણાથી ભરપૂર; નટવરનાગર=ત્રણ લોકના સુત્રધાર.

૧ હે પ્રભુ! તમે દેવોમાં સૂર્ય રુપ, કરુણાથી ભરેલા, જગત્ નાટકને સુત્રધારની પેઠેમ વ્યવસ્થિત કરનાર અને ભયને હરનાર છો.

૨–૩ તમે આત્મ સ્વરૂપનો બોધ કરનાર, પ્રાણી માત્રમાં પેઠેલ શકને સમાવનાર, રંક જનોને મુક્તિ આપનાર, અને સ્વભક્તના દુઃખને દળનાર છો. ઇશ્વર ભક્તનો ભક્ત છે.

૨ પ્રજ્ઞાન=બુદ્ધિ; તિમિર=અંધારુ;' પતિત=ભ્રષ્ટ; કરુણાલય (કરુણા+આલય=ઘર, સ્થળ)

૧ તું અમને જ્ઞાનરુપી ગાન, અને બુદ્ધિરુપી તાન આપ.

૨ અમારા પાપનો નાશ કર. પાપીને પવિત્ર કરનાર હે મહાપ્રભુ! આ અંધકાર રુપી અસત્યમાંથી સત્ય સૂઝાડ!

૩ તું ગુણોથી ભરેલો છે. અમ–સુત્રાન ઉપર તું નજર કર.

૩ શિવ=મુક્તિ; પરબ્રહ્મ=પરમાત્મા; દ્વૈત=ઇશ્વર અને સૃષ્ટિ વચ્ચે ભિન્ન ભાવ દર્શાવનાર એક મત.

૧ મુક્તિને આપનાર, વિઘ્નોનો નાશ કરનાર, એવો જે તું અમારા ભ્રમનો નાશ કર.

૨ તું વેદનું જ્ઞાન આપનાર, પરમાત્મા, જ્ઞાનમાં પૂજ્ય અને વિજય મેળવનાર છે.

૩ હે પ્રભુ! તમે અમારા ઉપર કરુણા કરો! અમારી સાથે પ્રેમથી જોડાવ! તું ભિન્નભાવનો ત્યાગ કરાવનાર છે.

૪ ચિર=લાંબો; અનંત=છેડા વિનાનું; નિરામય=રોગ વિનાનું; પ્રદાયક=આપનાર; શાશ્વત=નાશ નહિં થાય તેવું; ચૈતન્ય=જીવ.

૧ તું સમર્થ છો; કારણ કે, આ યશ, બળ, ધન, એ સર્વ તારે લીધે છે. તારી આશિષની અમને—અપેક્ષા છે.

૨ તારામાંજ હમેશનો આનંદ સમાયેલો છે. તું અનંત નિરોગી, બુદ્ધિ આપનાર અને વ્રતને ધરનાર છો.

૩ તારી કૃપાથી ઘણા અમૃત આનંદ ભોગવતા થયા છે. ખરી સ્થિતિનું ભાન કરાવનાર, હે પ્રભુ! અમને તારા શરણમાં રાખ.

૨

૧રંજન=અતિ આનંદ આપનાર; સુખદ=સુખ આપનાર; સુમન (સુ=સારું+મન) પ્રણુય=પ્રેમ; વ્યૂહ=સૈન્ય રચના; નેતિ (ન+ઈતિ) અનંત; કિંકર=સેવક, નોકર; નિમિત્ત=હેતુ સૌખ્યદા=સુખ આપનાર.

૧-૨. પ્રાણી માત્રના મનને જે આનંદ આપનાર છે, અને જે પોતાના દિવ્ય કૃપા રુપી અંજન વડે, સર્વ જીવના મોહનો નાશ કરે છે—આ નિસ્તેજ દ્રષ્ટિમાં કંઈ અપૂર્વ પ્રકાશ ઉતારે છે, એવા સર્વ શક્તિમાન્—પરમેશ્વરને હે સુમન! 'કર નમન;' તેનીસાથે 'ધર પ્રણુય;' કારણુ કે એજ સુખકારક, ધારેલ ઇચ્છા પૂર્ણુ કરનાર છે.

૩-૪. જગત્માં દૈવી અને આસુરી સંપત્તિ સાથે સંસાર યુદ્ધમાં ઉતરવા માટે તેં જે આ વ્યૂહ રચના કરી છે, તે તારી શક્તિ જોઇને મોટા મોટા મહાત્માઓના મુખમાંથી 'નેતિ! નેતિ!' શબ્દોના ઉચ્ચારો થઇ રહે છે. અહિં ઇશ્વરની શક્તિની અદ્દભૂતતા જોઇ વિસ્મય નામનો ભાવ પ્રકટ થાય છે.

૫-૬. હે પ્રભુ! તારી કૃપાએજ અમારી આંખો તેજવતી થશે, માટે તું કૃપા કર. સારા સારા કવિઓ જેને 'આલમનૂર' * કહે છે, એવું વિમળ તેજ અમારા

* આંજે ને અજવાળે આંખલડી સખી; અન્તર ઉપર ઉઘડે 'આલમ નૂર' જો! કાન્ત.

હૃદય ઉપર તારી કૃપા વડે જ ફેલાશે.

૨ વિમળતા=સ્વચ્છતા; ઐક્યતા=સંપ.

૧-૨-૩ તારી કૃપાવાળા પ્રાણીને, શાંતિ કે જે મેળવવાની સર્વની અંતિમ ઇચ્છા હોય છે, તે દુર્લભ નથી. કિર્તિની સ્વચ્છતા, ધન, વૈભવ એ સર્વ આવી મળે છે; દેવતાઓ પ્રસન્ન રહે છે, અને દુઃખથી તદન અલગા રહી શકાય છે.

૪ જયારે અમે સર્વ પ્રકારે, એટલે નમવામાં, સ્તવવામાં (સ્તુતિ કરવામાં) ભક્તિમાં તને પ્રિય થવામાં સફળ થશું, ત્યારે તારી અને અમારી કોઇ પણ પ્રકારની જૂદાઇ રહેશે નહિં.

૩ દિનકર=સૂર્ય.

૧-૨-૩ આ સૃષ્ટિમાં જે જૂદી જૂદી ઘટનાઓ બનતી જાય છે-બને છે, ત્યાં સારું નરતું શું છે, તે સૂર્યની માફક બતાવનાર હે દયાળુ પ્રભુ ! તું સર્વનું કલ્યાણ કર.

૪

૧ ૧ શાશ્વત=અખંડ, અવિચ્છિન્ન.

૨ ૧ અખિલ=આખું; સાયર=સમુદ્ર.

૨ વિખ્યાત=પ્રસિદ્ધ.

૫ ૧ ઉદય અસ્ત=ચડતી પડતી.

૫

પ્રેમથી ગદગદિત થયેલ ભાવિકની આ પ્રાર્થના છે. પોતાના હૃદયરુપી શૂન્ય મંદિરમાં બિરાજવાના બદલામાં પોતાનું સર્વસ્વ અર્પવા તૈયાર થઇ જાય છે; અને તેટલા માટેજ 'રોમ રોમ તમ આશય ધારું,' એમ કવેલ છે. જેનું જીવન ભક્તિમય છે, અથવા જ્યારે મનુષ્ય ભક્તિમય ભાવનામાં રંગાઇ જાય છે, ત્યારે તેના મનમાં કેવા પવિત્ર વિચારો સ્ફુરે છે, તેનું દિગ્દર્શન કરાવવાનો અત્રે પ્રયત્ન કર્યો છે.

'તપો વને શાન્ત પડે વિકારો;' તેમ અહિંઆ પણ બને છે.

શૂન્ય=સૂનો; આશય=હેતુ;

નિર્જન=મનુષ્ય વિનાનો; સ્વલ્પ=ઘણોજ થોડો.

૬

૧ રસના=જીભ; સુખદાઇ=સુખ આપનારી; ઘટના=રચના; દુ:ખ*નેતા=દુ:ખને દોરનારા. 'દુ:ખનેતા દુ:ખને ત્યજે રુદે.' જેઓ દુ:ખને દોરનારા છે, એટલે જેઓ ધીરજથી દુ:ખને સહન કરે છે, તેઓ એ કામમાં દ્રઢ બને.

૨ કરતા (કર્તા) લેખકો.

૩ 'નૃપતિ નૃપ તીર્થ તો થયાં.' રાજાઓ તારા સહવાસથી તીર્થ પેઠે પૂજાયા છે.

૪ ગુણનિધિ=ગુણના ભંડાર.

૫ મહિમાં=દુનિઆમાં, મહિમા=કીર્તિ; વસુવાસી=પ્રાણીઓ.

---

* કવિતામાં દુ:ખવાસી છે તેને બદલે દુ:ખનેતા વાંચવું.

વસુવાન્=ધનવાન્. તારો પ્રચાર અધિકાધિક થાય, એવી દરેક ધનવાન્‌ની ઇચ્છા થાય, એટલે વિદ્યાની વૃદ્ધિ કરવામાં દરેક પોતાના ધનનો સદ્‌ઉપયોગ કરે.

૬ સમતા=ધીરજ.

૭

૧ સુરમ્ય=આનંદદાયક; સદોદિત=હમેશ.

૧ આપણી ભૂતકાળની જાહોજલાલીને વર્તમાનકાળ સાથે સરખાવો.

૩ પ્રથમ આપણો દેશ અતિ રિદ્ધિસિદ્ધિવાળો હતો, તેથી જ તેને ભાગ્યવંતો કહેવામાં આવ્યો છે. પવિત્ર નામના ઉચ્ચારણથી મન શાંત પામે છે. શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન થાય છે.

૨ પ્રશસ્ત=શ્રેષ્ઠ.

૬ હિમાલય આખી દુનિઆમાં સૌથી ઉંચો છે. સંસારથી વિરક્ત થયેલા વ્રિરતવાદીઓનું એ પ્રિય સ્થાન છે. તેને શ્રેષ્ઠ એટલા માટેજ કહેવામાં આવ્યો છે.

૩ ૧૮ સરખાવો:—The lan l of wonders, where fancy established her kigdom, where legend & poetry loved to tarry.

૪ પૂર્વજો=બાપદાદા;

૫ સવિતા=સૂર્ય; પ્રફુલ્લિત=આનંદી; મધુર=મીઠા; રવ=અલાપ.

૧૭-૧૮ સરખાવો, चक्रवत् परिवर्त्तन्ते सुखानि च दुःखानि च
' વેળા ફરતી છાંયડી સુખ દુઃખ આવે જાય. '

૬-૭-૮ સ્તવું=સ્તવન કરું છું; દિક્પાલ=દિશાનું રક્ષણ કરનાર દેવ; વિરામ=આરામ; પુનિત=પુન્યશાળી.

૨૨-૨૭ અહિંઆ હિંદમાં આવેલ સ્થાનોનું વર્ણન છે. નકશો લઈ, ભારતને એક સજીવ આકૃતિ તરિકે જુઓ, એટલે આ વર્ણન યોગ્ય લાગશે.

૨૮-૩૨ આવી પવિત્ર ભૂમિમાં તમારો જન્મ થયો છે, તો ત્યાં શું બને છે, એ લક્ષમાં રાખો. તેના ઉદ્ધાર અર્થે યત્ન કરો. તેના હિત માટે તમારા પરિશ્રમને બહુ અલ્પ ગણો. જે લોકો તમારા દેશનાં ધાર્મિક, નૈતિક, અને સંસારિક સ્થિતિ સુધારવાને યત્ન કરી રહ્યા છે, તેને મદદ આપો.

૯ સત્વ=તત્વ.

૩૩-૩૬ તમે જે કાંઇ મેળવ્યું છે, તમે જે કાંઇ છો, તે સર્વ આ દેશનુંજ છે. તમારું આખું શરીર આ દેશની બક્ષિસોથીજ બનેલું છે.

૧૦ આપદા=દુઃખ.

પ્રેમીનો નિયમ છે કે, તે પ્રેમ માટેજ જીવે છે. તેનું હૃદય પછી પોતાનું નથી. પ્રેમ માટે દુઃખ ખમવું પડે એ તેનું ખરેખરું સુખ છે. જ્યાં સ્નેહ છે ત્યાં દુઃખ ખમવું

પડે, એતો પ્રભુના ઘરની આશિષ છે. ખરું પૂછો તો અમારો જીવન મંત્ર આજ છે. અમે ઐહિક અને પારલૌકિક આનંદ આજ રીતરે માગીએ છિએ. ભલે અમારા હૃદયપર એ પ્રેમનું પ્રબળ ચાલે ! આ દીનને એજ પ્રમની આકાંક્ષા છે.

---

૧ સરળ=પ્રમાણિક; લસો=શોભાવો; શિતળ=ઠંડો, અનુકૂળ; ઉજાસ=પ્રકાશ.

૧–૪ 'પધારો બોલવાથી જે પધારે તે પધાર્યાના[1]' એ ન્યાયને તમે સમજો છો, એટલે હે મહાનુભાવ ! તમે વિના આમંત્રણે અમારા ઉપર કૃપા કીધી છે. અમારું હૃદયરુપી બારણું તમે પવિત્ર કીધું છે. હવે અમારા ઉપર આપની પ્રેમદ્રષ્ટિ ફેંકો. તમારા જેવા પવિત્ર પુરુષના સત્કાર અર્થે અમારા પાસે હૃદય વિના બીજુ કંઇ નથી. જગતના ગુણવાન્ પુરુષને જે માર્ગ સાચો લાગે છે, તેને તમે શોભાયમાન્ બનાવો. તમે તો ચંદ્ર રુપે છો, કારણ કે તે પ્રકૃતિએ શાંત અને પ્રકાશમાન્ હોયછે. જગત્ રુપી રણમાં પ્રવાસ કરી થાકી ગયેલા

૧ દા. ખુ. બોટાદકરના પ્રેમ અને સત્કારના કાવ્ય ઉપરથી.

એવા અમને જેવી રીત્યે શ્રી કૃષ્ણે ગોપીઓની ઇચ્છા*
પરિપૂર્ણ કરી હતી, તેવી રીત્યે આપના પ્રસાદથી
સુખી કરો.

૨ અનેરા=નવા; અનિલ=પવન; સ્ફુરો=અસર કરો, ફૂંકો.

૫-૮ કોઇ સજ્જનનું જ્યારે આગમન થવાનું હોય છે, ત્યારે ઘરને યથાશક્તિ શોભાયમાન બનાવવાની ચાલુ રીત્ય છે. પણ અમે એમ નથી કીધું એ આપ તરફના ભક્તિ ભાવને લીધેજ! (વિરોધાભાસ) કારણ કે અમારું આંગણું જ્યારે તમારા ચરણુનો સ્પર્શ કરશે, ત્યારે તેનામાં સ્વર્ગીય શોભા પ્રકટી આવશે. મહાત્મા-ના સમાગમમાં આવતી દરેક પ્રાણી, વસ્તુઓ પોતેજ પ્રભાવશાળી બને છે. 'અનેરા ચોક પૂરો' એમ કહે-વાનો અર્થ એજ છે કે, આપ હવે અમારા હૃદય મંદિ-રમાં પધારો, એટલે અમારી ઇચ્છાનુસાર સર્વ તમારા-મય થઇ રહેશે વાયુ વિનાનું કોઇ પણ સ્થળ નથી. એટલે 'અનિલ રુપ સ્ફુરો' એમ કહ્યું છે. ઉપર કહ્યું કે, 'મહાત્માઓનો સમાગમમાં આવતી સઘળી વ-સ્તુઓ પ્રભાવશાળી હોય છે' આથી અમારાં હૃદયમાં

---

* આશા ભરેલ અમે આવીમાં મારે વહાલે રમાડેલ રાસજો. આવેલ અમે આશા ભર્યા.—દયારામ.

રહેલો જ્ઞાનરુપી બાગ, કે જે કરમાઇ ગયો છે, તે હે મહાભાગ ! લીલો છમ થઇ જશે.

૩ ઉદ્યાન=બગીચો; દિક્ષા=સ્વાત્મ ભોગ; પરિશ્રમ=મહેનત.

૭-૮-૯-૧૦ આવા બાગની અંદર જ્ઞાન મેળવવા અર્થે અમે સ્વાત્મ ભોગ આપવા તૈયાર છિએ. એટલો અનુગ્રહ કરવાનું ચૂકશો નહિ. આપ જે કંઈ પરિશ્રમ લેશો તેમાં પ્રેમ શિવાય બીજું કશું નથી.

૯

૧ ૨-૪ બેશ=સારું; ભૂતળ=પૃથ્વીની સપાટી; સુગવિત=સુવાસવાળું.

સૃષ્ટિમાં જો તમે ખરેખરું રત્ન મેળવવા ઇચ્છતા હોતો, 'વરસો ! વરસો ! અમીવૃષ્ટિથી સઘળા જનહિતકાજ'

૩ ૧ સંચિત=એકઠું થયેલ; રંજિત: આનંદિત,

૪ ૧-૨ કમલાકર (કમલ+આકર) કમળમય તળાવ; ચાપ=ધનુષ્ય; ઉચ્ચ=શ્રેષ્ઠ.

૧ જ્ઞાનતણા કમળાકર=જ્ઞાનનું સરોવર કે જેમાં વિવિધ પ્રકારનાં જ્ઞાનનાં કમળો ખીલી રહ્યાં છે.

૧૦

૧ ૫-૬ ઉચિત=લાયક; આશય=હેતુ.

હે સજ્જનો આ તક ફરીથી મળવાની નથી; વળી રુપ અને નિતિ, વિનય અને વિદ્યા, ધન અને ગર્વ ત્યાગ એ સર્વનો સમુચ્ચય એકજ સ્થળે થવો અશકય છે, તે પણ તમને મળેલ છે. હવે આપણી મનેચ્છાને સફળ થતાં વાર લાગશે નહિં.

૨ ૩ નવિન=નવું.

અમને તમારી શક્તિમાં વિશ્વાસ છે; કારણ કે આજે તમારા જેવા પુરુષોથી દુનિઆમાં અવનવા ફેરફારો થયા છે. વિદ્યા પ્રચાર થતો જાય છે, ત્યાં પણ તમે સાધનભૂત છો. જડ વસ્તુઓમાં જીવ છે, એ પણ તમારા જેવા પુરુષોએ બતાવી આપ્યું છે. જેવી રીત્યે સૂર્ય અંધારાનો નાશ કરે છે, તેવી રીત્યે તમારો પ્રયત્ન દરેક અડચણને હઠાવી મૂકશે, એવી અમને ખાત્રી થાય છે.

૩ માત્ર દ્રઢ આગ્રહી બનો ! ઇચ્છેલ કામમાં વિજયી થઇએ નહિં, ત્યાં સૂધી આરામ સરખો લેવો નહિ' એવી પ્રતિજ્ઞાઓ લ્યો. જે સારા માર્ગોનો તમે ત્યાગ કીધો છે, તેમાં જાગ્રતિ બળ પ્રેરો, આલસ્યનો ત્યાગ કરો. આવાં કર્તવ્યો કરતાં શિખશું, ત્યારેજ ઇશ્વર આપણા ઉપર પ્રસન્ન રહેશે. ઇશ્વરને સૌથી વધારે પસંદ ભક્તિ એ છે કે, આપણે કર્તવ્ય પરાયણ બનવું.

૧૧

૧ સુજ્ઞ=સમજુ; જ્ઞાતા=જાણુનારા
૨ સિદ્ધિ=વિજય; શાન્તા=શાન્તિમય.
૩ પરાર્થ=બીજાનું ભલું કરવું તે.

અમારી આશિષ્ છે કે, તમે તમારા પ્રયત્નથી ઇશ્વરને પ્રસન્ન કરવામાં, કીર્તિ મેળવવામાં, બીજાને પ્રતિ બોધવામાં, પર અર્થને ચિંતવતઃ વિજયી નીવડો.

૨ દ્રવે=પ્રેમથી ભીંજાય જાય.

તમારાં હૃદયો ઇશ્વરપર પ્રેમ રાખનારાં છે, એટલે તમે પ્રેમીછો. પ્રેમી પ્રેમીનું દુઃખ કદાપિ જોઇ શકે નહિં. હવે પ્રમાદ શાનો? 'જાગ્રત થા! કર્ત્તવ્ય પરાયણ બન!!' આ નીતિ વાકયનું અત્રે સ્મરણ કરાવવામાં આવ્યું છે.

૧૨

૧ મારા પ્રિય ભાઇઓની આવી દશા જોઇ હવે મારે સુખ ભોગવી શું શ્રેય સાધવું? દુઃખ જોઇ જ્યાં હૈયું ભરાઇ આવે, ત્યાં સુખનો સંભવ કયાંથી? મારું ચંચળ મન, કે જે હમેશાં મને લાલચ તરફ લઇ જાય છે, તેના તરફ નિષ્ઠુરતા (ક્રૂરતા) જ ઉત્તમ સાધન છે.

૨ વિશ્વાસે સૂતેલાને છેહ દઇ, જેઓ પોતાનું કર્તવ્ય ભાન ભૂલી નિદ્રાવશ થઇ જાય છે, તેઓને જો સુખી ગણવામાં

આવતા હોય, તો આવા સુખમાંથી પ્રેમ કેવી રીત્યે મેળવી શકાય !

૩ અહિંઆંતો જીવનને એક આશય સાથેજ ગૂંથી નાંખ્યું છે. જન કલ્યાણ માટે આવા ઉગ્ર બનનારથી સંસાર અને ભોગને વિમુખજ રહેવા દો.

૪ એજ આશયજ અમારી ધૂણી છે. અમારું જગત આજે અનેક અનર્થો આદરી રહ્યું છે. આવા જુલ્મો અપ્રિયજ થવા જોઇએ.

૫ એજ વેદીપર અમારું બલિદાન અપાશે ! અમારો જીવન મંત્ર એજ ! વિશેષ શું ?

૧૨

૧ ગમ્ભીર (ગંભીર) ઉંડા.

જગત્‌માં આધુનિક સમયમાં દૈવી અને આસુરી સંપત્તિનું જે યુદ્ધ ચાલી રહ્યું છે, તેની ઓળખાણ પ્રથમ પંક્તિમાં કરાવી, આવા વિષમ સમયમાં મનુષ્ય જાતને નિદ્રામાંથી જાગવા વિનંતી કરી છે.

૧ અત્ર ઉત્સાહ આપનારા કુદરતના પથિકોનું આગમન સૂચવ્યું છે. પશ્ચિમનો વાયુ, નીચલી કડીમાં મેરામણના બાળ પથિકો તરીકે ઓળખાવ્યા છે. પવન પશ્ચિમ તરફથી આવતી દૈવી સંપત્તિરૂપી અસ્વારની ઉત્સાહરુપી સુગંધી

ઘસડી લાવે છે.

૩ ૨ રિપુ=દુશ્મન.

શાંત સિંધુ ડોળાઇ જતાં તેની વક્ર દ્રષ્ટિનો સંદેશો આ કડીમાં બતાવ્યો છે. પ્રમાદીને તેનું આળસ્ય ત્યાગવા પ્રાર્થનારુપે કહેવામાં આવ્યું છે. પોતાના પવિત્ર જળમાં સૈંકડો વર્ષ સૂધી સ્નાન કરેલ પૂર્વજોના બાળકની આ સ્થિતિ મેરામણ જોઇ શકેલ નથી. તેથીજ કહે છે કે:—

૪ ‘ કદિ આવો અમલ (નશો) નો પાસ, લાગે ચિંતા વાળાને, છાંડો આળસનો પરિવાર, ઉડો૦ ’ આ કાવ્યમાં સજીવનારોપણ અલંકાર મુખ્ય છે.

૧૪

૧ ૨ રવ=અવાજ.

‘ શું સૂતા ? ઉંઘને છાંડો ! ’ પ્રભાતે આમ સંભળાય છે. અરે ભાઇઓ ! હજુ તમે આળસુ થઇ સૂઇ રહ્યા છો ? જુઓ ! જાગ્રતિનો મીઠો સુર સંભળાય છે ! તમે તમારા ભાઇઓ માટે શું વિચાર્યું ? ‘તેજ જીવે છે, કે જે પોતાના ભાઇઓના હિત માટે કાંઇ વિચાર કરે છે.’

૨ ૧ વિદારો=નાશ કરો.

જ્ઞાનની વૃદ્ધિ અર્થે પ્રયત્નવાન્ બનો ! જે કુધારાઓ ઘર કરી રહ્યા છે, તેનો જડમૂળથી નાશ કરો ! વિવેક તો આજ છે,

બાકી ખુશામત કહી શકાય.

૩ ૧ સ્પર્ધા=બરાબરી કરવી તે.

સ્પર્ધા એવી કરો કે એકએકથી અધિક નિવડો. એ સ્વાર્થમાં પલટાઇ જવી જોઇએ નહિં. આવા કર્તવ્ય પરાયણ તમે ક્યારે થશો ?

૪ ૧. કારમા=ભિન્ન ભાવ દર્શાવનારા. ૨ સુષુપ્તિ=ગાઢ નિદ્રા.

એ તો સિદ્ધ છે કે કુસંપે કોઇ શોભ્યા નથી. હમણા સંપ કરી, એકબીજાના સ્નેહી બની, ફળ નહિં ભોગવો, તો આ ગાઢ નિદ્રાનો ક્યારે ત્યાગ કરશો ?

૫ જે કર્તવ્ય કરે છે, તેને ઇશ્વર સહાય કરે છે. 'God helpo, those who help themselves' ફરીથી આ મનુષ્ય દેહ મળવાનો નથી. 'आयु; क्षण लव मात्रं न लभ्यते हेम कोटिभिक्त्वापि, કોડો રૂપિઆનું સુવર્ણ આપવા તૈયાર થાવ, તોપણ આ આયુષ્ય ક્ષણ માત્ર મળવાનું નથી.

૧૯

૧ ૩ નમેરા=દયા વિનાના.

૧-૨-૩ અમે તમારું એવું શું બગાડયું છે, કે તમે અમારાપર આવો અન્યાય આદરો છો. આર્ય દેશમાં સ્થપાયેલી જ્ઞાન રુપી શાળાએ અનેક વીર પુરૂષો ઉત્પન્ન કર્યા છે, કે જેને જગત પૂજ્ય ગણે છે. એ શા-

ળાને આજે તમે બહુ કંગાળ સ્થિતિમાં આણી મૂકી છે, એટલે ' નમેરા ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

૨ ૧ પ્રમાદી=બેદરકાર.

૧–૨ કુબુદ્ધિ તમારા દ્વારપર આવી ઉભી છે; તમારું પ્રમાદી અંતર્ તેને આવકાર આપે છે. કહ્યું છે કે, ' રોગ અને શત્રુ ઉગતા ડામવા ' તથાપિ તમે આ કેવો માર્ગ ગ્રહણ કર્યો છે !

૩ ૨ નિસ્તેજ=તેજ વિનાના.

૧–૨ વાતાવરણ બદલાયું છે. હિંદ રુપી વન કંઇ જાગ્રતિરુપી લિલાશ ધરી રહ્યું છે. કર્તવ્ય રુપી સૂર્ય ઝાંખો પ્રકાશ કરવા લાગ્યો છે. પ્રેમી પુરુષ રુપી કુસુમો (ફૂલો) ખીલીને કર્તવ્યને સમજવા લાગ્યા છે. આ વખત તમે કેમ ઉત્સાહ ધરતા નથી ?

૪ ૧–૨ વિચારો કરતાં આજે ઘણાં વર્ષો વીતી ગયાં છે. અનેક દુર્ગુણોથી આપણે ઘેરાઇ ગયા છિએ, તથાપિ તમે ચેતતા નથી. કંઇ સત્કર્મ થયું નહિ, તો પછી જીવનનો હેતુ શું ?

૫ સમુદ્રની અંદર રહેનાર માછલું મીઠા પાણીમાં જીવી

શકતું નથી, તેવી તમારી દશા છે. નીતિનો ત્યાગ કર્યો પછી એ સમુદ્રનું પાણીજ તમને મીઠું લાગે છે.

૧૬

૧ ઐકયતાને ચાહનારા પ્રેમી જનોનું આ કથન છે.

પ્રેમમાં લદબદ થયેલા આ ઉત્સાહીઓ ઐકયતા સાધવામાંજ અપૂર્વ શૌર્ય જુએ છે, તેથીજ શૂરાઓ એમ સંબોધન કરવામાં આવેલ છે. અહિં આ એકબીજાનો અંતરૂપટ દૂર કરવા સૂચના છે. આવો, આપણે ભેદ ભાવ ભૂલી જઇએ. કર્ત્તવ્યમાં અડગ થઇએ.

૨ ૨ પરહરીયે=ત્યાગ કરીએ.

જો ઉપર પ્રમાણે બને, અને દરેક ફરજ બજાવવામાં ઐકયતાને જાળવીયે, તો પછી આપણને પાછળ હઠાવનાર પાપ રુપી દુશ્મનો નિષ્ફળ નીવડશે.

૩ ૧ છાત્ર ધર્મ=શિષ્ય ધર્મ; ગાત્ર=અવયવ ૨. પ્રફુલ્લ=ખીલેલ; ઉદ્યાન=બગીચો.

૪ હે મિત્રો આપણે પ્રેમીને પૂજનારા બનીએ, આપણો શિષ્ય ધર્મ જાળવીએ; અને આ વીરરસથી ઉત્પન્ન થતા ઉત્સાહ રુપી ભાવને કર્ત્તવ્ય રુપી બગીચામાં હમેશા ખીલેલ રાખીયે.

૫ ૨ નિશદિન=હમેશા; નિદાન=મુખ્ય હેતુ.

આપણે પેતાના પર આધાર રાખતાં શિખીયે. આપણા અંતરને સ્વ (પોતાની) સેવા કરવાની શક્તિવાળાં બનાવીયે.

૧૭

૧ કઠ (કંઠ) ડોક; શશાંક=ચંદ્ર; સૌમ્ય=નિર્મળ.

હે આર્ય ! આ પુષ્પહારકે જેમાં, ઐકયતાથી ઉત્પન્ન થયેલ ખંતરુપી સુગંધ બ્હેકી રૂહ્યાં છે, તેને તું ધારણ કર ! હે મિત્ર ! આજે આપણો નિર્મળ ચંદ્ર કુસંપ રુપી રાહુથી અસ્ત થયો છે, તે કલંક દૂર કરવાને યત્ન કર ! તને આ પુષ્પાર્પણ કરવાનું પ્રયોજન એજ કે, તું બમને આવા કાર્યોમાં સહાય થા !

૨ ૨ કલાપી=મોર.

વૃદ્ધોથી કંઇ વળવાનું નથી. તમે ભવિષ્યના ખરા સહાયક છો. ભાવિષ્યની આકૃતિઓ રચવા માટે યુવાનીનું દોડતું લોહીજ પરિશ્રમ ઉઠાવી શકશે. તેટલા માટે તમને કહેવામાં આવ્યું છે કે ' તમે બાળ બાળ નહિં, બુદ્ધિના ગમાર નહિં, ભાવિ........ઝંખતી. ' જેમ વર્ષા માટે મોર આકાશ ભણી જોઇ રૂકે છે, તેવીજ રીત્યે તમારા ભાવિષ્ય રુપી મેઘ માટે

પ્રજા રુપી મોરના મનમાં અતિ પ્રબળ જીજ્ઞાસા ઉછળી રહીછે.

૩ ૨ રિપુ=દુશ્મન.

એક સાચા ઈશ્વરનું સ્મરણ કરી, તમારા કાર્યને સાહસ* બળથી ઉત્તેજીત કરો. જો તમારા પાસે સંકલ્પ બળનું ખરેખરું પ્રબળ હશે તો ' ફૂંકથી રિપુતણી કુબુદ્ધિ ફૂટતી.' તમારો એક શ્વાસોચ્છ્વાસ પણ આવો પ્રભાવશાળી થઇ પડશે. આ અતિશયોક્તિથી સાહસના ઐશ્વર્યની પરિસીમા દર્શાવવામાં આવી છે.

૪ દુઃખાર્દ્ર=દુઃખથી ભીંજાયેલ.

દુઃખથી ભીંજાયેલ શબ્દો, કાયરતાનો ત્યાગ કરો. તમારી ભીંજાયેલ આંખને સૂકવી નાંખો. હૃદયમાં આવો આશય ખડો કરતાં કોઇ પણ અડચણથી ડરો નહિં.

૫ શ્રેયકારી=કલ્યાણ કરનારા; શ્લેષ=સંપ.

કલ્યાણ કરનારા હે પ્રભુ! અમારી યાચનાનો સ્વીકાર કર! અમારામાં સંપ સ્થાપ! અમારાં ઉત્સાહથી ભરપૂર હૃદયમાં તારો સ્વર્ગીય આનંદ પ્રેરજે!

* સાહસના અર્થ માટે, " સૌ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે;" એ મથાળાવાળી કવિ નર્મદાશંકરની કવિતા જોવી.

૧૮

ભ્રાતૃ ભાવની-સ્નેહની લાગણી વિસ્તારનાર ભાવ આ કાવ્યમા પ્રદર્શિત છે. આમાં બીજો અર્થ પણ જોવામાં આવે છે. ઘાયલ થયેલ પ્રેમી, જે હૃદયની કોમળતા જાણે છે, તે પણ આવું વદે ખરો !

૧ કુમળું=નાજુક; અઘાત=ફટકો.

કુસુમ દિલનું ઉપમાન છે. દિલને કુસુમ સાથે સરખાવવામાં આવેલ છે. દિલ એ કુસુમ જેટલું જ કોમળ છે. જો ફૂલ આઘાત સહી શકતું નથી, તો પછી આ નાજુક દિલમાં કઠોરતા કયાંથી હોય !

૨ આ પૃથ્વી પટમાં ચિત્રાયેલ અનેક ચિત્રો ભૂંસાઇ ગયાં છે. 'સૂરજ ધરણીમાં ઢળ્યો=સૂર્યનું અસ્ત થવું. જે ખીલેલ છે તે ખરી પડતાં જાય છે. આવા વસમા (વિષમ) વખતમાં કોઇને શા માટે છેહ દેવો જોઇએ ? પ્રેમ ભાવથી આપણી દ્રષ્ટિ વિસ્તારવી જોઇએ, એમ સૂચના કરી છે.

૩ સરિતા=નદી.

જીવન એ નદી છે. તેની આશાનો અંત નથી. જગત

જનના કલ્લોલનો પ્રતિરવ ત્યાં થઇ રહ્યો છે. આવા વખતે મીઠી વાણીજ ફળદાયક નીવડશે.

૧૯

૧ સંપ ધારણ કરવા માટે સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરો.

૨ નિર્બળો=બળ વિનાનં; પ્રભુતા=મોટાઇ.

કોઇ નાનું ઝાડ જો જથ્થામાં ઉગેલ હોતું નથી, તો પવન તેનો જલ્દી નાશ કરે છે. તેવીજ રીતે આપણે આપણા મિત્રો સાથે સંપ કરી રહીશું, તો દુશ્મનો આપણને ત્રાસ આપવાથી અળગા રહશે વળી ' ઝાઝા હાથ રળિયામણા, ' એવી આપણામાં એક કહેવત છે. આવા ઉંચા વિચારનો સર્વ સ્થળે ફેલાવો કરો.

૩ કુસંપને લીધે ઘણા રાવણો અને કૌરવોનો નાશ થયો છે. સમાનાર્થ.

૪ પ્રભા=તેજ.

૨૦

૧ ઐહિક=આ સંસારનુ. શીઘ્ર=તરત.

૩ દેશોદય (દેશ+ઉદય) દેશની ચડતી.

જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે ચાલતા યુદ્ધમાં અજ્ઞાનનો નાશ કરો, એટલે ખરાબ રુઢીઓ અને સ્ત્રીઓમાં રૂહેલી અજ્ઞાનતા દૂર કરો.

૫ કન્યાયો જ્યાં સૂધી અજ્ઞાન રૂહેશે, ત્યાં સૂધી આપણે કોઇ પણ રીત્યે સારી બળવાન્, નીતિમાન્ પ્રજાનાં દર્શન કરવાને ભાગ્યશાળી થશું નહિં. કન્યાઓને ભણાવવાની પૂરેપૂરી જરુર છે, કારણ કે જેઓ પોતાનાં સંતાનોને વિદ્યાદાન દેતા નથી, તેઓ તેમના હિતેચ્છુ નહિં પણ શત્રુજ છે, એમ આપણાં શાસ્ત્રોનું પણ માનવું છે.

૬ ગૃહવાસ=ઘર સંસાર.

કન્યાઓને ભણાવ્યા વિના કોઇ દિવસ ઘરમાં સુખની આશા રાખવી વ્યર્થ છે.

૨૧

૨ અમારા નેત્રોને તમારા સ્નેહ શિવાય બીજું કંઇ રુચતું નથી. તમારા પ્રતિ અમારી ભક્તિએ એવું પ્રગાઢ રુપ ધારણ કર્યું છે કે, તમારું દાસત્વ સ્વીકારતા પણ અમને પરમ આનંદ થયા વિના રૂહશે નહિ.

૩ તમે ભક્તિને વસ્તુતઃ સમજનારા છે. ભક્તના ઇશ્વર પણ દાસ છે. તમારી આંખમાં અમારા ઉપર ઉત્સાહ ધરાવતું તેજ તરી આવતું જોઇ, અમે દાસત્વ (સેવક પણું) ની સ્થિતિને પણ ભૂલી જશું. તમારા આશ્રય નીચે રૂહેલ અમને, જેમ વૃક્ષ પાણી સીંચતા પ્રફુલ્લ થતું જાય છે, તેમ ઉછેરજો. અમે અમારું સર્વસ્વ તમને અર્પણ કર્યું છે; માટે 'અમ રક્ષણ ને માટે ખંત વધારજો'.

૪ સ્વાશ્રય (સ્વ+આશ્રય) પોતાના પર આધાર રાખવો તે.

જેમ પ્રમી પોતાની ઇષ્ટ વસ્તુને જુએ છે, અને પોતાની મનોમય મૂર્તિનો પ્રેમ મેળવ્યા પછી, આખી દુનિઆની પરવા ત્યજી દે છે, તેમ.

'કૃપા તમારી નહિં અમને કંઇ બીક જો'.

....

'અમને ગાંજી શકે પછી નહિં કોઇ જો'.

૫ નૂતન=નવું.

૪ જે કાર્યોને ગુણીજનોએ અનુભવ સિદ્ધ કરી મૂકયાં છે, તેવાં કાર્યોનો અમે આદર કરીશું.

૬ મધુર=મીઠાં.

તમારા મીઠા શબ્દોજ અમારી આંખ અજવાળશે.

૨૨

૧ ૩ પતિત=પડતીમાં આવી પડેલ.

૨ સ્પૃહો=ઇચ્છો.

'દુ:ખી જનો તણા ચિત્તમાં ઢળો', એટલે દુ:ખીઆં પર દયા કરો. સુખીજનોનું શ્રેય આમાંજ સમાયેલ હોવું જોઇએ તમે તમારા દેશમાં વિદ્યા હુન્નર વધારીને સંપત્તિ પ્રાપ્ત કરો. તમારા દુશ્મનો તમને દુ:ખ દેતાં ડરતા રૂહે! કીર્તિની પાછળ દોડો નહિં, પણ એ પોતે આવીને તમને વરમાળ પહેરાવે એવી યોજના કરો.

૩ ચલિત=ચંચળ; ફલિત=ફળ આપનાર.

આપણામાં કૃહેવત છે કે (રાત થોડી અને વેશ ઝાઝા ?) આ પ્રમાણે આપણા પાસે અવકાશ બહુ થોડોછે. સૂર્ય સમાન તેજસ્વીઓ ઉદાર મનના આર્યો (Cevilized\ ઇશ્વરે તમને જે શક્તિ આપી છે, તેનો આ વખતે ઉપયોગ કરો. જે જશે તે પછી નહિ મળશે.

૪ અસુર=રાક્ષસી; બંધનો=રુઢીઓ.

સંપનું પ્રબળ વધારો. રાક્ષસી રુઢીઓનો ત્યાગ કરો. નીતિ મહિં ઠરો. યાદ રાખજોકે નીતિનો ત્યાગ કરવાથી, ઘણા રાજાઓનો-ઘણી પ્રજાઓનો નાશ થયોછે. મોગલ જેવી મહાન

શહેનશાહત નીતિનો ત્યાગ કરવાથી નાશ પામી છે. દ્વેષ પણ તેમાં સહાયભૂત હતો. પિતાનું. ભાઇનું સુખ નહિ જોઇ શકવાથી પિતૃદ્રોહ, ભ્રાતૃદ્રોહ થયો! તેનું પરિણામ ઉપર જણાવ્યું છે. તેટલા માટે વિવેકી બની સત્ય અસત્યનો વિચાર કરો. ખરી કીર્તિ ત્યારેજ મેળવી શકશો.

૫ ૨ અશ્રુ=આંસું ૩ તનુજ=સંતાનો.

તમારા પૂર્વજોનાં પ્રતિભાશાલી પરાક્રમો યાદ કરો. તેઓ દુઃખ સહવામાં શૂરા અને વિલાસમાં કાયર હતા. મહાદુઃખમાં પણ તેઓ ધીરજ ધરી રહ્યા હતા. તેઓના બળ જેવું બળ મેળવવાને માટે તમે ટટાર બનો! કીર્તિ મેળવવાનું આ પણ એક પ્રબળ સાધન છે.

૨૩

૪ શ્વેત આકાસમાં જેમ તારાનું તેજ પ્રકાશ કરે છે, અને અન્યોન્યમાં મળી જાય છે, તેવીજ રીતે આપણે આપણા હૃદયનો વિકાસ કરીએ.

૨૪

૧ ૧ વિદ્યાનો સ્વભાવજ શાન્ત હોય છે. વિદ્યાથી જો કાંઇ વધારેમાં વધારે ઉપયોગી મેળવી શકાતું હોય, તો તે શાંતિજ છે.

૨ જો પૈસા વાળો જ્ઞાનહીન હોયછે, તો તેને પોતાની મોટાઇ માટે ઉલટું પસ્તાવું પડેછે. જ્ઞાનવિનાની દરેક મોટાઇ કૃત્રિમતાથી બનેલી અને જાદુથી ભરેલી છે.

૩–૪ આત્મ=પોતાના (અત્રે વિદ્યા કયાકયા લક્ષણોને સાધનારી છે, તેનું કંઇક સ્મરણ કરાવ્યું છે.)

સમાજ, દેશ, ધર્મ સમ્બન્ધી આપણી શું ફરજ છે, જૂઠા જગની જૂઠી લાલચથી કેવા પ્રકારે દૂર રહેવું, જીંદગીનો હેતુ શુંછે, કામ કરવામાં કેવી રીત્યે વિજય પામવો, એ સર્વ આપણુને વિદ્યા શિખવે છે

૨ ૧ નિરંજન=જેને માયા સ્પર્શ કરી શકે નહિં તેવો; વિપત્તિ ભંજન=દુઃખનો નાશ કરનાર; અંજન=આંજણ.

૨ નિવારણ=દૂર કરવું તે; તારક=મુક્તિ આપનાર

૧–૨ કૃપાળુ પરમેશ્વર=દુઃખનો નાશ કરનાર એ વિદ્યા મેળવનારની આંખે એવા પ્રકારનું અંજન આંજેછે કે, જગત્ માર્ગ સરળ થઇ પડે છે. આથીજ પાપ દૂર થાય છે, અને શ્રેષ્ટ પદ મેળવી શકાય છે.

૩ શ્રેણી=સીડી.

જૂદી જૂદી રજકણુ રુપી પ્રવૃત્તિથી આ વિશ્વમાં જે પંક્તિ બની રહી છે, ત્યાં આપણું મન પ્રસન્ન થાય છે; અને વિદ્યા કે

જે હૃદયને શુદ્ધ કરેછે, તેના પ્રભાવે પરમાર્થ ભાવના હૃદયમાં પ્રકટ થાય છે.

૪ વિદ્યા ખરી રીત્યે જોતા ધનવાન્નું ધન અને રાજાનું ખરે ખરું અંગ છે. એજ ધન સાચું અને સુરક્ષિત છે. રાજા પાસે વિદ્યા ન હોય તો તે હાંસીને પાત્ર થાય છે, પરંતુ પૈસા વિનાનો દારિદ્રી પણ વિદ્વાન્ માણસ સર્વ સ્થળે માન પામે છે. વિદ્યાની પ્રકૃતિ ધનથી તદન ઉલટી છે. ધનનું સેવન કરતાં તે ઓછું થાય છે, પરંતુ વિદ્યા જેમ જેમ વધારે સેવન થાય તેમ તેમ વધે છે.

---

૧ તમે ડાહ્યા વિદ્વાન્ અને ગુણવાન કહેવાઓછો, છતાં આપણી ક્રૂર રુઢીઓ જે અનર્થ પ્રવર્ત્તાવી રહી છે, તેને દૂર કરવામાં તમારુ ડહાપણ, વિદ્વત્તા અને ગુણ નિષ્ફળ નિવડયાં છે, તેટલા માટે 'ધન્ય, ધન્ય, આપની બુદ્ધિ' એમ અન્યોક્તિ સૂચવેલ છે.

રાક્ષસી રુઢીનું વર્ણન કરતાં સદ્‌ગત સા. શ્રી ગોવર્ધનરામ પોતાના સ્નેહમુદ્રા નામના પુસ્તકમાં એક સ્રી પાસે કથાવે છેકે,

'પંડિત પીતા તણી આત્મજા[1] ભણી કંઈ હું તાત પ્રતાપથી,

---

૧ પુત્રી.

…………×…………×…………×…………×

‘ હું નાનપણથી આશ આથી ઘણી ધરી મન મ્હાલતી,
‘ પણ હાય હિંદુ તણે લલાટ લખ્યા ન લેખો જાણતી.’

રુઢીને હિંદુ લોકો વિધિના લેખના જેવી દ્રષ્ટિથી જુએ છે.

૨ પ્રેમ ક્યાં છે? હૃદય ભૂમિ સૂકાઇ ગઇ છે—એ પ્રદેશ નિર્ઝર છે. આપણામાંથી પ્રેમનો નાશ થયો છે.

સા શ્રી. ગોવર્ધનરામ આગળ જતાં યોજે છે કે,

‘ હું બોલી કાન્ત ગણાય છે ઉર વારિધિ[૨]ના ચંદ્રમાં,
‘ મુજ ચિત્તમાં આના[૩] પ્રભાવે વિચિ[૪] જાગે કેમ ના?

૩–૭ લગ્ન શું છે, તેની આપણામાં બહુજ થોડા સ્ત્રી પુરુષોને ખબર છે. સમજુ માણસને ખેદ કરાવનાર આનંદ લગ્ન કરતાં સ્ત્રી પુરુષોની અંદર જોવામાં આવે છે. કેટલાએક નાના બાળકો, કે જેને પરણાવવામાં આવે છે, તેઓને વિવાહ સમ્બન્ધી કંઇ પણ સમજણ હોતી નથી. ઘોડાપર સ્વાર થયેલ એક છોકરો કે જેનાં લગ્ન (નાશ!) થતાં હતાં, તેને એક રસ્તે ચાલતા માણસે પૂછ્યું કે, આ બધી ધામધૂમ શાની છે? પ્રત્યુત્તરમાં તે બાળકે કહ્યું કે, મને કંઇ ખબર નથી, મારા બાપાને પૂછવાથી જાણી શકશો. આવા પ્રકારની, તેમજ ઉપર

---

૨ સમુદ્ર; ૩ જેની સાથે લગ્ન થાય છે તેના; ૪ તરંગ.

જણાવેલ અજ્ઞાનતાને લીધે જે જે પ્રયત્નો થયા છે, તેનાં ફળ આજે દુઃખી માણસો ભોગવે છે. તેના દુઃખી નિશ્વાસોએ જ આજ આપણુ સત્યાનાશ વાળ્યું છે! તેઓના ગૃહવાસ આજે કઠણ હૃદયના માણસનું હૃદય પીગળાવે, એવા દુઃખો બન્યા છે.

૨ ૧-૫ હો આર્ય દેશના તન! તે તણું દયા જો મન,
તો નથી દૂર, ઉદય તમારું ધન;
હો આર્ય દેશના બાળ!
એ પ્રેમનું જીવન પેઠેમ રક્ષણ કર!

સમાપ્ત.

शुद्धिपत्रक.

पानुं	पंक्ति	अशुद्ध	शुद्ध
૪	૫	અસ્થાન ત્યાં	એક વખત વાંચવું
૪	૫	દિજ	દિન
૮	રાગનું મથાળું	झींझोटा	झींझोटी
૧૪	૨	રહો	રહો
૧૪	૬	કાયોં	કાર્યો
૧૪	૧૫	સ્વગ	સ્વર્ગ
૧૫	રાગનું મથાળું	दादारो	दाद्दरो
૨૦	૭	ાવદારો	વિ ારો
૨૮	૧૩	વનવું	વિનવું
૩૫	૨	સ્રાષ્ટ	સૃષ્ટિ
૩૫	૨	જીન	જીવ
૩૯	૧૬	higdom	bingdom
૪૧	૫	પ્રમની	પ્રેમની
૪૪	૩	નિતિ	નીતિ
૪૮	૧૦	p:lpo	pelps
૪૮	૧૧	आयु;	आयुः
૪૮	૧૧	कोटिमि	को[illegible]:
૪૮	૧૨	ક્રાડો	ક્રોડો

નીચે લખેલાં પુસ્તકો અમારા પાસેથી મળશે

૧	કથા વિનોદ (વાર્તાઓનો સંગ્રહ)	૦—૪
૨	ચંદ્રશીલા (સાંસારિક નવલ કથા)	૦—૪
૩	જીવન માર્ગ (કાવ્ય)	૦—૪
૪	હૃદય માર્ગ (કાવ્ય)	૦—૪
૫	વસંત કુમારી (નવલ કથા)	૦—૧૨
*૬	પાપ અને પશ્ચાતાપ (નવલ કથા)	૦—૮

ઉપર લખેલાં સર્વ પુસ્તકો માટે વિદ્વાનોના તેમજ ગુજ.... ઉત્તમ માસિકોના ઉચ્ચ અભિપ્રાયો મળ્યા છે. એજ તેના ઉપયોગી-પણાની ખાત્રિ આપે છે. આ શિવાય સસ્તુ સાહિત્ય વર્ધક મંડળ તરફથી બહાર પડેલ. ગીતા, યોગવાશિષ્ટ, ભાગવત દશમ, એકાદશ સ્કંદ વિગેરે પુસ્તકો અમારા પાસેથી મળશે.

મળવાનું ઠેકાણું.

બંધુ મંડળ,

ભાનકવાડા—ડભોઇ

---

* આ પુસ્તક હજુ છપાય છે. તે અગાઉથી તેના સાતસો ગ્રાહક નો થઈ ચૂક્યા છે, એજ તેના લેખકની લોકપ્રિયતા જણાવે છે.

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.